# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત માં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનો પ્રારંભ કરાવ્યો**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.**
3. **પંચમહાલના ચાંપાનેર-પાવાગઢ ખાતે નવમાં પંચમહોત્સવનો આરંભ.**
4. **બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર નું પરિણામ ભરતી બોર્ડની વેબસાઇટ પર જાહેર.**
5. **ભારતે ત્રીજી મહિલા T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવી પાંચ મેચની શ્રેણીમાં 3-0ની અજેય સરસાઈ મેળવી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM ADIVASI FAIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લાના નવરચિત અંબિકા તાલુકામાં રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળા- **2025**નો પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન તેમણે સુરત જિલ્લામાં **858** કરોડના વિવિધ વિકાસકામોના વર્ચ્યુઅલી ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા.

આ પ્રસંગે તેમણે જણાવ્યું, આ મેળો વિકસિત ભારતના નિર્માણમાં આદિવાસી ઉદ્યોગો-હસ્તકલા કારીગરો-**MSME**ને યોગદાન આપવામાં નવી દિશા આપશે.

આ રાષ્ટ્રીય આદિવાસી ઉદ્યોગ મેળાનું **29** ડિસેમ્બર સુધી આયોજન કરાયું છે, જેમાં **370**થી વધુ સ્ટોલ્સ , આદિવાસી વાનગીઓના **80** ઉપરાંત સ્ટોલ્સ, દેશભરના રાજ્યોના **700**થી વધુ પ્રતિનિધિઓ જોડાયા છે.

---

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને

પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

## PAVAGADH - PANCHMAHOTSAV

પંચમહાલ જિલ્લાના ચાંપાનેર-પાવાગઢ ખાતે નવમાં પંચમહોત્સવનો રાજ્યકક્ષાના મંત્રી અને પંચમહાલ જિલ્લા પ્રભારી મંત્રી રમેશ કટારાએ પ્રારંભ કરાવ્યો હતો.

શ્રી કટારાએ પંચમહોત્સવને ખુલ્લો મૂક્યા બાદ ક્રાફટ બજાર , ફૂડ સ્ટોલની મુલાકાત લીધી હતી અને સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવી હતી.

પંચમહોત્સવમાં આયોજિત સંગીત સંધ્યામાં ગાયક પાર્થિવ ગોહિલ અને ઓસ્માન મીરે તેમના તાલબદ્ધ અને સુરમયી મધુર સ્વરથી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં, આજે સાગરદાન ગઢવી અને આવતીકાલે કિંજલ દવે પોતાની સૂર રેલાવશે.

---

## G RAM G REACTION

કેન્દ્ર સરકારની વિકસિત ભારત જી રામ જી યોજના ગ્રામીણ વિકાસનું આધુનિક માળખું ઊભું કરશે. આ કાયદો 20 વર્ષ જુના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય

ગ્રામીણ રોજગાર ગેરેન્ટી અધિનિયમ **2005**નું સ્થાન લેશે. આ અંગે સુરેન્દ્રનગરના નાગરિકો આગેવાનો અને યુવાનોએ આ યોજનાને આવકારી છે.

## બાઇટ : સ્થાનિક

---

## AMRELI – DEVELOPMENT WORKS

અમરેલી જિલ્લાના કુંકાવાવમાં 321.72 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા અદ્યતન બસ ડેપો અને એસ.ટી. વિભાગના 16.27 કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના કુંકાવાવ ખાતે કૃષિ મંત્રી જીતુ વાઘાણી અને ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે કુંકાવાવ એસ ટી બસ સ્ટેશનનું લોકાર્પણ અને ધારી તેમજ બગસરા ડેપોના વર્કશોપનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે આજે રાજ્યના ગ્રામિણ વિસ્તારોમાં લાઇટ,રોડ-રસ્તા, નર્મદાના નીર સહિતની માળખાગત અને જરૂરી સુવિધાઓ પહોંચી છે. રાજ્ય સરકારે 'આત્મા ગામડાનો સુવિધા શહેરની' નો સંકલ્પ ચરિતાર્થ થઈ રહ્યો છે.

રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ કુંકાવાવની વિકાસયાત્રાનો ચિતાર આપતા જણાવ્યું હતું કે કુંકાવાવમાં પ્રાથમિક શાળાઓ , સી.સી. રોડ, સનાળામાં નર્મદાના નીર, અત્યાધુનિક બસ ડેપો , અમરેલીથી કુંકાવાવ માર્ગને પહોંળા કરવાના કામ જેવા માળખાકીય કામો થઈ રહ્યા છે.

---

# POLICE EXAM RESULT

ગત 13 એપ્રિલ 2025ના રોજ યોજાયેલી બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની લેખિત પરીક્ષા પેપર બે નું પરિણામ ભરતી બોર્ડની વેબ સાઇટ ઉપર જાહેર કરવામાં આવ્યું છે.

ઉમેદવારો પોતાના ગુણ ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in અને https://lrdgujarat2021.in ઉપર જોઈ શકશે.

જે ઉમેદવારો પોતાના લેબિત પરીક્ષાના પેપર-૨નું રીચેકીંગ કરાવવા ઇચ્છતા હોય તે ઉમેદવારોએ દશમી જાન્યુઆરી 2026ના રોજ સાંજના પાંચ વાગ્યા સુધીમાં રીચેકિંગ માટે અરજી કરી શકશે. રી ચેકિંગની કાર્યવાહી બાદ ખાલી જગ્યાના બે ઘણા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

---

# WEATHER COLD

રાજ્યભરમાં હવામાન વિભાગની આગાહી છે કે આગામી 6 દિવસ ઠંડીમાં વધુ ફેરફાર થવાની શક્યતા નહિવત્ છે. ડિસેમ્બર પૂરો થવા આવ્યો છતાં સતત એક બાદ એક આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઠંડીનો ચમકારો નથી જોવા મળ્યો.

રાજ્યમાં સૌથી નીચું તાપમાન 9.5 ડિગ્રી નલિયામાં નોંધાયું છે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન **15.3** ડિગ્રી અને ગાંધીનગરમા લઘુત્તમ તાપમાન **14.2** ડિગ્રી નોંધાયું છે. ઠંડીને લઈ વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ

# બાઈટ - રામાશ્રય યાદવ, , હવામાન વિભાગ

---

## GUJARAT TIGER

રાજ્યમાં વાઘના વસવાટનું માળખું તૈયાર કરવા વન વિભાગ સતત પ્રયાસરત છે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું છે કે રતનમહાલમાં વાઘનું વસવાટ સ્થિર થયુ છે ત્યારે તેના સંરક્ષણ માટે આગામી દિવસોમાં જરૂરી તમામ પગલા લેવામાં આવશે.

# બાઇટ : અર્જુન મોઢવાડીયા, મંત્રી

---

## WOMEN-S-CRICKET

ભારતે ત્રીજી મહિલા **T-20** આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું છે. આ જીત સાથે ભારતે પાંચ મેચની શ્રેણીમાં **3-0**ની અજેય સરસાઈ મેળવી લીધી છે.

ગઈકાલે રાત્રે તિરુવનંતપુરમમાં રમાયેલી મેચમાં શ્રીલંકાએ **20** ઓવરમાં સાત વિકેટ ગુમાવીને **112** રન બનાવ્યા. શ્રીલંકા તરફથી ઇમેશા દુલાનીએ સૌથી વધુ **27** રન બનાવ્યા. ભારત તરફથી રેણુકા સિંહ ઠાકુરે ચાર વિકેટ લીધી , જ્યારે દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ લીધી.

ભારતે માત્ર **13** ઓવર અને બે બોલમાં **115** રન બનાવીને મેચ જીતી લીધી. શેફાલી વર્માએ **42** બોલમાં અણનમ **89** રન બનાવ્યા.

રેણુકા સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

---

## KUNVARJI BAVLIYA PADYATRA IN GIR SOMNATH

દેશ-રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખાકારી માટે મંત્રી કુંવરજી બાવળીયાની અધ્યક્ષતામાં 'જનકલ્યાણ શિવવંદના પદયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. જે પદયાત્રાનું ભંડૂરી ખાતે રાત્રી રોકાણ થયું હતું. અને આજે વહેલી સવારે ભંડૂરીથી પદયાત્રીઓએ સોમનાથ તરફ જવા પ્રસ્થાન કર્યું હતું.

આ પદયાત્રા દરમિયાન ગડુ ખાતે મંત્રીશ્રીએ સ્થાનિક મહિલાઓ, આંગણવાડી મહિલાઓ અને આગેવાનો સાથે સંવાદ સાધ્યો હતો અને મંત્રીશ્રીના હસ્તે સીદી આદિવાસી મહિલા વિકાસ બચત અને ધીરાણ જૂથને ૧ લાખ ૫૦ હજારનો ચેક અર્પણ કરાયો હતો.

મંત્રીશ્રીએ રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો વધુને વધુ લાભ લેવા લોકોને અપીલ કરી હતી. ઉલ્લેખનીય છેકે, ભંડૂરીથી શરૂ થયેલી આ પદયાત્રા ગડુ-ચોકડી, સીમાર, સુપાસી સહિતના વિવિધ ગામોમાંથી પસાર થઈને સાંજે સોમનાથ મંદિર પહોંચશે.

---

## VERAVAL- VIR BAL DIVAS

વીર બાળ દિવસની ઉજવણી નિમિત્તે વેરાવળના ગુરુદ્વારા ખાતે ગુરુ ગોવિંદસિંહજી મહારાજના ચારેય પુત્રોના જીવન-કવન અંગે પ્રદર્શની યોજાઈ હતી.

આ પ્રદર્શનીમાં ગુરુ ગોવિંદસિંહજીના દિકરાઓના શૌર્ય , ત્યાગ અને બલિદાનની ઝાંખી રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનીની મુલાકાત લઈને શાળાના બાળકોમાં વીરતા , ત્યાગ અને દેશપ્રેમની ભાવના વિકસે તે માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ દિવસ ભારતીય ઈતિહાસના ગૌરવપૂર્ણ અધ્યાયની યાદ અપાવે છે અને આવનારી પેઢીઓને સાહસ, સત્ય અને ધર્મના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે.

---

## SURAT – UNIVERSITY BUILDING

સુરત ખાતેની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં 4.6 કરોડના ખર્ચે નિર્મિત 'મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ ભવન 'નું લોકાર્પણ રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતના હસ્તે કરવામાં આવ્યું હતું. 28 હજાર ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામેલા આ ભવનમાં **BRS, MRS Ph.D.** અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરાશે.

આ પ્રસંગે મંત્રી ડો. ગામીતે જણાવ્યું હતું કે આ નવું ભવન વિદ્યાર્થીઓને ગ્રામીણ અર્થતંત્ર અને ગાંધીવાદી મૂલ્યોને શીખવા-સમજવામાં સીમાચિહ્નરૂપ બનશે. ગાંધીજીના ગ્રામીણ ઉત્થાનના વિચારોને આધુનિક શિક્ષણ સાથે સાંકળવાના યુનિવર્સિટીના ઉમદા હેતુને આવકારી તેમણે ઉમેર્યું કે , ગ્રામ્ય કલા , સંસ્કૃતિ, નવીનતાપૂર્ણ વિચારો સાથે ઉદ્યોગોના વિકાસ માટે આ કેન્દ્ર માર્ગદર્શક ભૂમિકા ભજવશે.

---